અપીલ અરજી નં.૩૩૨ તા.૨૧–૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી – સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૩ – ૧૨ – ૧૦ ની અરજી થી (૧)રહેણાંક વિસ્તારમાં જરી પોલીસ્ટર હાઈસ્પીડ ટવીસ્ટીંગ મશીન ઈલે. પાવરથી ચલાવવાની પરવાનગી એસ.એમ.સી. તરફથી કયા ખાતા તરફથી આપવામાં આવે છે.

(૨) રહેણાંક વિસ્તારમાં ઈલે.પાવરથી ચલાવવામાં આવતા મશીન બંધ કરવાની જવાબદારી કોની અને જવાબદાર કોણ ?

(૩) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનથી થતાં ધ્વની પ્રદુષણથી આજુ – બાજુ રહેતા લોકોની શાંતિભંગ થતા જવાબદાર કોન અને તેને અટકાવવાની જવાબદારી કોની ?

(૪) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનો શેરી મોહલ્લામાં ઘર ઘર નવા મશીન રોજબરોજ ચાલુ કરવામાં આવે છે. તેની પરવાનગી કોના તરફથી કયા આધારે આપવામાં આવી અને તેને અટકાવવાની જવાબદારી કોની છે ? અને તેને અટકાવવા માટે આપના તરફથી શું પગલા લેવામાં આવશે.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૧ /૧/૧૧ ની અપીલ અરજી નં. **SMC/FAP/** ૩૩૨ / ૨૦૧૦ – ૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા. ૩/૧૨/૧૦ ની અરજી થી(૧)રહેણાંક વિસ્તારમાં જરી પોલીસ્ટર હાઈસ્પીડ ટવીસ્ટીંગ મશીન ઈલે. પાવરથી ચલાવવાની પરવાનગી એસ.એમ.સી. તરફથી કયા ખાતા તરફથી આપવામાં આવે છે?(૨) રહેણાંક વિસ્તારમાં ઈલે.પાવરથી ચલાવવામાં આવતા મશીન બંધ કરવાની જવાબદારી કોની અને જવાબદાર કોણ ? (૩) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનથી થતાં ધ્વની પ્રદુષણથી આજુ– બાજુ રહેતા લોકોની શાંતિભંગ થતા જવાબદાર કોન અને તેને અટકાવવાની જવાબદારી કોની ? (૪) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનો શેરી મોહલ્લામાં ઘર ઘર નવા મશીન રોજબરોજ ચાલુ કરવામાં આવે છે. તેની પરવાનગી કોના તરફથી કયા આધારે આપવામાં આવી અને તેને અટકાવવાની જવાબદારી કોની છે ? અને તેને અટકાવવા માટે આપના તરફથી શું પગલા લેવામાં આવશે. તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી – સેન્ટ્રલઝોન ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/ આઉટ નં. /૧૩૭૦ તા. ૧/૧/૧૧ થી આપેલ માહિતી તદ્દન ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી પ્રતિભાવથી નારાજ થઈ તથા સબંધિત વિભાગ ડે.કમિ.(પ અને ઈ),શહેર વિકાસ ઈ.ચા.ડે.કમિ.(હે.અને હો.) અને આરોગ્ય અધિકારી તરફથી કોઈજ માહિતી મળેલ નથી એવું જણાવી એપેલેટ ઓફિસરને તા. ૨૧/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા અરજદારની અપીલમાંની પરવાનગી આપવા બાબતે તથા પગલા અંગેની રજૂઆત અંગે તેઓનો પક્ષ પણ રજૂ કરવા જણાવવામાં આવેલ. વધુમાં અરજદારે શહેર વિકાસ તથા આરોગ્ય વિભાગ તરફથી માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. તે બાબતે તેવી તબદીલી થયેલ છે કે કેમ? તથા તેમ કરવું આવશ્યક હતું કે કેમ? તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૫૨ તા.૩–૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી – સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૬૫૫ તા. ૧૮–૨–૧૧ પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૧૪૩૭ તા. ૧૩–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં./૧૩૭૦ તા. ૧–૧–૧૧ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, પહોંચતી કરવામાં આવેલ છે.

અરજદારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતીમાં મુદ્દા નં.(૧)રહેણાંક વિસ્તારમાં જરી પોલીસ્ટર હાઈસ્પીડ ટવીસ્ટીંગ મશીન ઈલે. પાવરથી ચલાવવાની પરવાનગી એસ.એમ.સી. તરફથી કયા ખાતા તરફથી આપવામાં આવે છે. જેના અુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી રહેણાંક વિસ્તારમાં પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોની જોગવાઈ પૈકી નિયમ નં.૩૧ (ઝોનીંગ અને યુઝ પ્રોવિજન) માં દર્શાવેલ યુઝ ઝોન ટેબલ (પાના નં.૧૧૩) માં દર્શાવ્યા મુજબની પરવાનગી એસ.એમ.સીના શહેર વિકાસ વિભાગ તરફથી આપવામાં આવે છે. જેની નકલ નંગ–૧ પ્રતિ નકલ રૂાં.૨/– લેખે રૂા.૨/– જમા કરાવ્યેથી મળી શકશે. એમ જણાવેલ (૨) રહેણાંક વિસ્તારમાં ઈલે.પાવરથી ચલાવવામાં આવતા મશીન બંધ કરવાની જવાબદારી કોની અને જવાબદાર કોણ ? જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આર.ટી.આઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. એમ. જણાવેલ. (૩) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનથી થતાં ધ્વની પ્રદુષણથી આજુ – બાજુ રહેતા લોકોની શાંતિભંગ થતા જવાબદાર કોન અને તેને અટકાવવાની જવાબદારી કોની ? જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે ઉકત અરજી પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ /જાવક/ ૧૩૩૫ તા.૨૮–૧૨–૧૦ થી પ્રાદેશિક અધિકારી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ ને તબદિલ કરવામાં આવેલ છે. એમ જણાવેલ. (૪) રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનો શેરી મોહલ્લામાં ઘર ઘર નવા મશીન રોજબરોજ ચાલુ કરવામાં આવે છે. તેની પરવાનગી કોના તરફથી કયા આધારે આપવામાં આવી અને તેને અટકાવવાની જવાબદારી કોની છે ? અને તેને અટકાવવા માટે આપના તરફથી શું પગલા લેવામાં આવશે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આર.ટી.આઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. એમ. જણાવેલ. અરજદારે માંગેલ માહિતી અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી તદન ખોટી છે અને ગેરમાર્ગે દોરનાર છે એમ જણાવી મુદ્દા નં.૧ માં રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવાની પરવાનગી શહેર વિકાસ

વિભાગ તરફથી આપવામાં આવે છે. જે માહિતી ખોટી છે. ખરેખર રહેઠાણવાળા વિસ્તારમાં કારખાના ચાલુ કરવા માટે સુમપાના કમિશ્નર પાસે **BPMC** એકટ કલમ–૩૧૩ મુજબની ફરજીયાત પરવાનગી લેવાની હોય છે ત્યારબાદ જ કોઈપણ નાગરીક કારખાના ચાલુ કરી શકે છે પરંતુ રહેણાંક વિસ્તારમાં પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોની જોગવાઈ પૈકી નિયમ નં.૩૧ (ઝોનીંગ અને યુઝ પ્રોવિઝન) માં દર્શાવેલ યુઝ અને ટેબલઝોન ૧,૨,૩ માં જણાવ્યા મુજબ કોઈપણ નાગરીક રહેઠાણવાળા વિસ્તારમાં પાવરથી ચાલતી મશીનરીઓનાથી કારખાના ચાલુ ન કરી શકે તેમ છતાં જાહેર માહિતી અધિકારી જણાવે છે કે શહેર વિકાસ પરવાનગી આપે છે. મુદ્દા નં.૨ ની માહિતી ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ જે વાત તદન ખોટી છે. યુઝ અને ટેબલઝોન ૧,૨,૩ ના ભંગ બદલ જવાબદારી સુમપાની જ આવે છે તેમ છતાં માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં. ૪માં માહિતી ઉપલબ્ધ નથી એમ જણાવેલ ખરેખર તમામ કારખાનાના માલીકો પાસે ગુમાસ્તાની નોંધણીના લાયસન્સ છે એટલે જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા વિભાગમાંથી માહિતી મેળવી શકતા હતા છતાપણ ખોટી રીતે ગુ.પ્ર.નિયંત્રણ બોર્ડ ને રવાના કરવામાં આવી પરંતુ ગુ.પ્ર.નિ.બોર્ડ સુરત વિભાગની જવાબદારીમાં આવતુ નથી તેવું ક્રમાંક જીપીસીબી/સુરત આરટીઆઈ/આઈડી નં.૪૨/ ૧૫ /૧૦ તા.૭–૧–૧૧ ના પત્રમાં જણાવેલ છે. ગુ.પ્ર.નિ.બોર્ડ તરફથી કારખાના ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી જેથી જવાબદારી અમારી આવે નહિં તેવુ જણાવે છે. ખરેખર સુમપાની હદમાં ફકત ગુમાસ્તાની નોંધણીના આધારે જે ખોટી રીતે કારખાનાઓ ચાલે છે એટલે બંધ કરાવાની જવાબદારી સુમપાની આવે છે. એમ જણાવીઅપીલ કરેલ છે. સાથે અરજદારે વન અને પર્યાવરણ મંત્રાલય ના જાહેરનામા તા.૧૪–૨–૨૦૦૦ની અવાજ પ્રદુષણ નિયમન અને નિયંત્રણ નિયમો–૨૦૦૦ ની નકલ રજુ કરેલ છે. તથા બિનપ્રદુષિત ઉદ્યોગો જેમને ના વાધાં પ્રમાણપત્ર મેળવવામાં મુકિત છે. તેની યાદીની નકલ પણ રજૂ કરેલ છે. પરંતુ તેમાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા તેઓની જવાબદારી આવતી નથી તેઓ કોઈ પત્ર કે કાગળ સામેલ જણાતો નથી.

અરજદારે રજૂ કરેલ નિયમોમાં ઓથોરીટીની વ્યાખ્યામાં કેન્દ્ર અને રાજય સરકાર, વિવિધ સક્ષમ સત્તા જિલ્લા ન્યાયધીશ, પોલીસ આયુકત વિગેરેનો સમાવેશ થયેલ છે. તથા નિયમો હેઠળ તમામ વિકાસ કરતા સત્તા મંડળ, સ્થાનિક સ્વરાજય સંસ્થા અને અન્ય સત્તા મંડળોનો સમાવેશ અમલવારી માટે કરવામાં આવેલ છે. જે નિયમ–૨ અને ૩ માં નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. સાથે કેટલી માત્રામાં અવાજપ્રદુષણ વધતુ હોય તો પગલાં લેવાના રહે છે તેની વિગતો પણ નિયમમાં રજૂ કરેલ છે. બિનપ્રદુષિત ઉદ્યોગોની યાદીમા ફેબ્રીકેશન, વણાટ ઉદ્યોગો, મોતી અને ઝવેરાત ઉદ્યોગ, ભરતકામ, યાર્ન ટવીસ્ટીંગ, હીરા ઉદ્યોગ,મારબલ, ગ્રેનાઈટ જેવા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. જેમાં ઈલેકટ્રીક પાવરનો .ઉપયોગ થતો હોઈ શકે તેની વિગતો પણ અરજદારે રજૂ કરેલ છે. જેમને ન વાંધા પ્રમાણપત્ર મેળવવામાંથી મુકિત આપેલ જાહેર કરવામાં આવેલ છે.

અરજદારના ચાર મુદ્દા પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી એ મહાનગરપાલિકાના શહેર વિકાસ વિભાગ તેવો પ્રત્યુત્તર આપેલ છે. જેની સામે અરજદારે **BPMC** એકટ કલમ–૩૧૩ નો ઉલ્લેખ કરી ખોટી માહિતીનો દાવો કરેલ છે. કલમ–૩૧૩ કમિશ્નરની મંજુરી તેવો ઉલ્લેખ છે અને શહેર વિકાસ વિભાગ કમિશરશ્રીના નિયંત્રણ હેઠળનો વિભાગ છે તેથી આ માહિતી ખોટી હોવાના અરજદારના દાવાને સમર્થન મળતુ નથી.

મુદ્દા નં.૨ અંગે અરજદારે સ્પષ્ટ માહિતી માંગેલ નથી. કારણકે ઈલેટ્રીક પાવરથી ચાલતા મશીન બંધ કરવાની જવાબદારી અલગ અલગ કાયદા કે નિયમો હેઠળ તેના નિયંત્રણ સત્તાધિકારીની મર્યદામાં હોઈ શકે જેવી કે વીજનિયંત્રણ ધારા હેઠળ, પર્યાવરણ રક્ષણ અધિનિયમ હેઠળના અમલવારી માટે મુકરર કેલ સત્તામંડળ, સ્થાનિક સ્વરાજય કાયદા હેઠળ સત્તા મંડળને સોંપવામાં આવેલ ઉત્તરદાયિત્વ , કારખાનાના અધિનિયમ હેઠળના સત્તામંડળ વિ. દરેક સત્તામંડળ તેમને સોંપવામાં આવેલ જવાબદારી તેના નિયમો અને નિયંત્રણને આધિન હોવાથી ચોકકસ કારણ વિના અરજદારના મુદ્દા નં.૨ ના પ્રત્યુત્તર નિશ્ચિત સત્તામંડળ સિવાય કોઈ આપી શકે નહી તેથી અરજદારની સંદિગ્ધ માહિતી પૃચ્છા અંગે જાહેર માહિતી અધિકારી નો માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવા પ્રત્યુત્તર અનુચિત ગણાય નહીં.

મુદ્દા નં.૩ અંગે ધ્વનિ પ્રદુષણ બાબતે અરજદારે રજૂ કરેલા નિયમો અને યાદી સ્વયં સ્પષ્ટ છે તેથી જાહેર માહિતી અધિકારી એ તબદીલ કરેલ અરજી ખોટી હોવાના અરજદારના દાવાને સમર્થન મળતુ નથી.

મુદ્દા નં.૪ અંગે અરજદારે સ્પષ્ટ વિસ્તાર અને એકમ માહિતી રજૂ કર્યા વિના સંદિગ્ધ રીતે રહેણાંક વિસ્તારમાં ઉપરોકત મશીનો શેરી/ મહોલ્લામાં રોજબરોજ ચાલુ કરવામાં આવે તેવી સપષ્ટ વિગતો વિનાની માહિતી માંગેલ છે. કોઈ ચોકકસ એકમ હોય તો તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારી દફતર ઉપલબ્ધ વિગતે આપેલ કે નહીં આપેલ પરવાનગી તેમજ અટકાવવાની જવાબદારી અંગે યોગ્ય પ્રકાશ પાડી શકે તેથી આ મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ નથી સર્વથા અયોગ્ય ગણાય નહીં.

અરજદારે અપીલ તબકકે કરેલ રજૂઆત ગુમાસ્તા ધારામાંથી જાહેર માહિતી અધિકારી મુદ્દા નં. ૪ અંગે માહિતી મેળવી શકતા હતા. પરંતુ ગુમાસ્તા ધારા નોંધણી અધિનિયમ નામ સૂચવે છે તેમ ગુમાસ્તા ધારા હેઠળ નોંધણીની જોગવાઈ ધરાવે છે. અરજદારે કરેલ દાવા અનુસાર પરવાનાની નહી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે માહિતી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) નો અગોતરો સમય દિન–૭ માં મેળવી મુદ્દા નં.૪ અંગે ગુમાસ્તાધારા નોંધણી હેઠળ નોંધાયેલા એકમોની નોંધણીના દફતરની તપાસણી આરટીઆઈ એકટ કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરી મુદ્દા નં.–૪ અંગે માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૧.

ડે.કમિશ્નર(સ્પે.),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ